Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
Apr 2019, Year - 5 (72)
Paper ID : RRJ000017

# 'આહિર' જ્ઞાતિની ઉત્પતિ : ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

સંશોધક
હસમુખભાઈ જીવાભાઈ વાળા
(બી.એ., એમ.એ.)
મદદનિશ શિક્ષક, પ્રાથમિક શાળા, ઉગલવાણ

---

બ્રહ્માએ લોકસૃષ્ટિની ઉત્પતિ કરતાં ભૃગું, પુલસ્ત્ય, પુલક, કુતું, અંગીરા, મરીચી, દક્ષ, અતિ તથા વરિષ્ઠ નામના નવ માનસ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. જો કે લોકસૃષ્ટિ માટે ઉત્પન્ન કેરલા માનસપુત્રોએ પોતાનાં પિતાની ઈચ્છા અનુસાર કાર્ય ન કરતા ભગવાન બ્રહ્માજીએ અન્ય અધ પુરૂષ અગિયાર ભાગ સોમ્ય અને અસોગ્ય સ્વરૂપે ઉત્પન્ન કર્યા હતા.

આમ, રૂદ્ર સ્વરૂપમાંથી શતરૂપા નામના સ્ત્રી સ્વરૂપને જુદા પાડી બ્રહ્માજીએ પોતાનામાંથી સ્વયંભૂ મનું સ્વરૂપે પ્રગટઠ થઈ શતરૂપાને પત્ની તરીકે સ્વીકારી લોકસૃષ્ટિની રચના કરતા તેનાથી એ પુત્રો અને બે પુત્રીઓ ઉત્પન્ન થયેલ હતી. મનુની પુત્રી પ્રસૂતીને દક્ષ પ્રજાપતિ સાથે પરણાવતા તેનાથી તેને ચોવીસ કન્યાઓ ઉત્પન્ન થઈ હતી. જેઓનાં લગ્ન બ્રહ્માજીના માનમાં પુત્રો સાથે કરતાં લોકસંર્સકીતનાં સર્જનનું તેઓ કારણ બન્યા હતાં.

પ્રસૂતી અને દક્ષને ત્યાં ચોવીસ કન્યાઓમાંથી અનસૂયાને અત્રિઋષિ સાથે પરણાવતા તેમનાથી સોમ (ચન્દ્ર), દુર્વાસા એન દતાત્રેય નામનાં ત્રણ મહાસમથ પુત્રો અવતર્યા હતા. જેમાં દતાત્રિયનો જન્મ મતા સત્તી અનસૂયાનાં પતિવ્રતાની પરીક્ષા કરવા જતાં ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પોતાના અંશરૂપ જન્મ લીધો હતો. આમ અત્રિ ઋષીનાં પુત્ર સોમ એક મહા પરાક્રમી, બુદ્ધિશાળી અને સૌંદર્યવાન હતાં તેનો વંશજ તે ચંદ્રાવંશ તરીકે આગળ વધ્યો. આહીરો હાલમાં પોતાને ચંદ્રવંશી તેમજ અતિઋષીના ગોત્રનાં હોવાનું જણાવે છે.

## યદુવંશ :

ભારત યુદ્ધ પૂર્વના વંશોમાં યદુવંશ મહત્વનાં વંશ તરીકે ઓળખવામાં આવે છે આના વંશજો તે યાદવો. યાદવોની વંસાવલી હરિવંશ તથા અગિયાર પૂરાણો જેવા કે વાયુ, બ્રહ્માંડ, મત્સ્ય, પદમ, બ્રહ્મા, વિષ્ણુ, ભાગવત, લિંગ, કુર્મ, ગરુડ અને અગ્નિ વગેરેમાં જોવા મળે છે. આમાંથી વાયુ, બ્રહાંડની વંશાવલી વધુ સારી રીતે જળવાઈ રહી છે.

ભારતની અનુશ્રુતિઓ જાળવાતાં પુરાણો અને મહાભારત ઉપરાંત વૈદિક તેમજ અનુવૈદિક સાહિત્યમાં પણ યદુઓને લગતા છૂટા–છાવાટા ઉલ્લેખ મળે છે. પાણીની અષ્ટદયાયી કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, પંતજલીનું મહાભાસ્ય ઈત્યાદિ ગ્રંથો પણ યદુઓ કે એમની પેટા શાખાઓનો ઉલ્લેખ કરે છે. આહીરોની વીરતા, વિશિષ્ટતા અને સંસ્કૃતિનો આજે પણ સૌરાષ્ટ્રની ઘરા મગરૂબ છે.

આમ આહીર જ્ઞાતિનાં ઉદભવ વિશે પુરાણ ગ્રંથો, ધાર્મિક ગ્રંથો અને કેટલીક દંત–કથાઓમાં ઉલ્લેખ જોવા મળે છે. આ બધામાંથી કેટલીક વખત ઐતિહાસિક તથ્ય પણ મળી રહે છે. આપણે એ વાતને વિગતે જોઈએ.

આહીર એ એક જુની પુરાણી ક્ષત્રિય કોમ છે. મનુસ્મૃતિ પ્રમાણે આહીરો મુળ બ્રહ્માંડમાંથી ઉત્પનન થયા અને તેમની માતા અમ્બારસ્થા હતી. બ્રહ્મ–પુરાણ પ્રમાણે જોતા ક્ષત્રિય પિતા અને વૈશ્ય માતાની આ સંતતી છે. ભાગવતની માન્યતા મુજબ આ કોમ ક્ષત્રિય પિતા અને વેશ્ય માતાની સંતતી મનાય છે. તેવું The Anthropoligical Survey of Bombay Monogsaph No. 1 Ahir-1901 માં દર્શાવવામાં આવેલું. તેઓ નાગા જાતિમાંથી ઉતરી આવેલી છે. તેવી પણ એક માન્યતા છે.

ઉપર ઉલ્લેખેલા પુસ્તક મુજબ એલેકઝાન્ડ્રિયાના ઈતિહાસકાર (ઈ.સ. ૩૨૫) જણાવે છ કે મુરી અને મુરગલાની ગિરીમાળા વચ્ચેનાં પ્રદેશમાં અભિસારની રાજસત્તા હતી. ગ્રીક ઈતિહાસકારોનાં કહેવા મુજબ આ અભિસાર એ આહીરોનો વડો હતો. વળી સંસ્કૃત શબ્દ "આભારી" નું અયભ્રશં થતાં 'આહીર' શબ્દ થયો છે. એવી આહીરોની માન્યતા છે. જો કે બીજો મત એવો છે કે આભીરો અને આહીરો બન્ને જુદા હતા પણ માન્યતા એવી છે કે આહીર ઉત્પતિ સંસ્કૃત શબ્દ 'અહેરી' ઉપરથી થઈ છે. સંસ્કૃતમાં અહેરી એટલે શિકાર કરવો એવો અર્થ થાય છે.



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-72-apr-2019/RRJ000017

ISSN : 2321- 4708
Apr 2019, Year - 5 (72)
Paper ID : RRJ000017

કર્નલ વોકરની માન્યતા પ્રમાણે આ કોમ મૂળે બાબરિયા કોમમાંથી ઉતરી આવે છે. તેવું કાઠીયાવાડ સર્વ સંગ્રહમાં દર્શાવ્યું છે. આ આહીરો અને બાબરીયા કોમની કોમને ઘણો નિકટનો સંબંધ છે. બાબરિયા જો કે પોતાને વધારે જુના ગણે છે. 'કાઢીયાવાડી સર્વ સંગ્રહ' (૫૧.૮૫) માં આહીરો અંગે નીચે મુજબનો ઉલ્લેખ જોવા મળે છે.

આહીરો પોતાની ઉત્પતિ સિંધના સુમરા વંશમાંથી કહેવડાવે છે. તે કહે છે કે, દિવનાં સોલંકી સાથે દક્ષિણ કાઠીયાવાડનાં વાળા સાથે તથા ઉજ્જૈનના પરમારો સાથે આયરો બેટી વ્યવાર રાખતા જો કે આજે સોરઠનાં આયરોમાં અને કાઠીઓ તેમજ રાજપુતો સાથે તેઓનાં બેટી વ્યવહાર જોવા મળતાં નથી.

એક બીજી માન્યતા મુજબ આ આહીરો મૂળે ગાયોનાં ટોળ સાથે ભટકતી યાદવોની જ એક શાખા છે. તે શાખા આભીરોનાં નામે ઓળખાતી આ આભીરો અંગે ઉલ્લેખ કરતાં શ્રી દુર્ગાપ્રસાદ તેમના પુસ્તક "ઐતિહાસિક સંશોધન" માં જણાવે છે કે આભીરો વિંશ ઉપરનો તર્ક કરવાનું એક બીજું પણ કારણ છે. મહાભારત કહે છે કે પરશુરામની બીકથી જે ક્ષત્રિયોએ પોતાનું કર્તવ્ય છોડી દીધું તે આભીરો થયા આ રીતે મુળનાં યાદવ અને બીજા ક્ષત્રીયો ક્ષત્ર કર્મ છોડી ગોપાલન વગેરે કર્મનો સ્વીકાર કરવાની રાજપુત થયા છે. આ બધા આભીરો કદાચ યોધેયો અને અંજુ નાયરો વગેરે પણ ઉતરનાં હુમલાઓના દબાણથી સિંધમાં અને ત્યાંથી કચ્છ કાઠીયાવાડમાં આવ્યા અને વલભી રાજયનો નાશ થયા પછી જુદે જુદે સ્થળે જમીનોનાં ઘણી થઈ બેઠાં તેવું 'બોમ્બે ગેજેટર વોલ્યુમ ભાગ–૧' ના પાના નં. ૧૩૮ પર જણાવેલ છે. મતલબ કે પાછળનાં યાદવો એ આભીરો અથવા હૈહેય હોવાનું સંભવ છે. એક દંતકથા મુજબ આ આહીરો એ રાજા સાર્થિકનો પરિવાર છે. સાર્થકિના પિતા નહુસ મહાપરાક્રમી રાજા હતા તેમને મૃત્યુલોક અને ઈન્દ્રલોકમાં આવાગમન હતું બીજી માન્યતા મુજબ યદુવંશી ક્ષત્રિયમાં યયાતિનાં પુત્ર હતા તે મહાપરાક્રમી હતા તેના વંશજો ને યાદવો કહેવાયાં અને આ યાદવ કુળમાં અહિનંદ નામે મહાસમર્થ રાજા થઈ ગયા તેણે આ વખતનાં નાગવંશી રાજાઓને મહાત કર્યા હતા. એટલે કે આહીરો કહેવાયા 'અહિ' એટલે 'નાગ' અને 'ઈર' એટલે 'કપાયમાન' કરવું. આમ આહીર નાગને વશ કરનાર એવો અર્થ થાય છે. આમ નાગ લોકોને વસ કરવાને ક ારણે આ રાજાને આહીરની ઉપમા મળેલી અને આહીરનંદ તરીકે ખ્યાત તેના વંશજો આહીર તરીકે ઓળખાયા.

આ આહીર નંદાનાંવંશમાં આજથી આશરે ૫૦૦૦ વર્ષ પૂર્વે ગોકુળમાં નંદ નામે મહાપરાક્રમી પુરૂષ થયો તેને ત્યાં લાખો ગાયો હતી. સારું લશ્કર હતું તથા ગંગા–યમુનાની આસપાસનો કેટલોક મુલક પણ તેને કબ્જે હતો આ સમયે મથુરામાં રાજા કંશ રાજય કરતો હતો. તે મહા જુલ્મી હતો. આ સમયે તેણે પોતાનાં બેન–બનેવી, દેવકી–વાસુદેવને જેલમાં પૂર્યા હતા. ત્યારબાદ અનેક બાળબોકને જન્મતાની સાથે જ મારી નાખ્યા હતા. ત્યારબાદ એક બાળકનો જન્મ થયો તેને બચાવવા માટે વાસુદેવ અનેક વિચાર કર્યા છેવટે તેને યાદ આવ્યું કે ગોકુળમાં નંદ નામનો આહીર છે. તે શરણાગત ધર્મ પૂરેપૂરો બજાવી શકશે એ આશાએ બાળકને નંદ નામનાં આહીરને ત્યાં મુકી આવ્યો આ બાળક તે શ્રી કૃષ્ણ પોતે જ આ વિશ એક દુહો પ્રચલિત છે.

ગોકુળ કેરે ગોંદરે જો ન હોતી આહીર નંદ,
જગમાં કયાંયગ જડત નહી જાદવ કેરું ફરજંદ.

આ કૃષ્ણ નંદ નામનાં આહીરને ત્યાં બાળ–લીલા કરતા, ઢોર–ચારતાં તથા લડાઈનું કામ શીખતા મોટ ાથઈને આહીરોનો સાથ લઈ જુલ્મી રાજા કંસનો તેણે વધ કર્યો અને મથુરાની ગાદી કંસના પિતા ઉગ્રસેનને સોંપી તથા ગોકુળમાં રાજા અકુર આહીરની કન્યા રાધા સાથે પરણ્યા આ સમયે ગોકુળ – મથુરાની આજુબાજુનો પ્રદેશ આહીરોથી છવાયેલો હતો અને હિન્દુસ્થાનનાં અન્ય વિસ્તારોમાં પણ આહીરો હતા. હાલમાં ગોકુળ મથુરાની આજુબાજુના ભાગમાં યુ.પી. તરફથી પણ આહીરો વસે છે. તેમજ કચ્છ કાઠીયાવાડમાં તેઓ વસે છે. આ ઉપરાંત દક્ષિણ ભારત અને મધ્ય હિન્દમાં પણ જોવા મળે છે. શ્રી કૃષ્ણની વખતથી જ તે સૌરાષ્ટ્રમાં આવ્યાનું મનાય છે. આ અંગે મનાય છે કે શ્રી કૃષ્ણ કંસનો વધ કરી મથુરાની રાજગાદી ઉગ્રસેનને સોંપી પોતે દ્વારકા તરફ પ્રયાણ કર્યું તે સમયમાં ઘણાં આદીશે શ્રી કૃષ્ણની સાથે સૌરાષ્ટ્રમાં આવ્યાં દ્વારકા પહોંચતા રસ્તેજયાં–જયાં રસાળ અને ફળદ્રુપ જમીન જોવા મળી ત્યાં–તયાં શ્રી કૃષ્ણ આ લોકોને વસવાટ કરવા સમજણું અને કેટલાક સમજયા પણ ખરા તે અંગે દુહો છે.

કૃષ્ણ હસી મુખસે કહયો કુળ ગુવાળ સુન કાન,
ઈક સ્થાનિક સુખરે કહયો હોય ઉચેલ હાન

Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal Apr 2019, Year - 5 (72)
www.researchreviewonline.com Paper ID : RRJ000017

અર્થાત શ્રી કૃષ્ણે પ્રસન્નતાના પૂર્વક કહયું કે હે સર્વ ગોવાળો સાંભળો : તમે જો ઉચાળા ભરી ફરફર કરશો તો હાની થશે અને જો એક જ જગ્યા ઉપર નિવાસ કરી રહેશો તો તમને અતિ સુખ થશે.

ગોકુળ–મથુરા છોડી, દ્વારકા તરફ પ્રયાણ કરવા અંગે બીજી પણ માન્યતા પ્રવર્તે છે. શ્રી કૃષ્ણનું તેના મામા કંસને માર્યો ત્યારે કંસના સસરા જરાસંઘે શ્રી કૃષ્ણનાં સાથી ગણાતા આ આહીરો ઉપર જુલમ ગુજાવરા માંડયો તેથી ત્રાસી જઈ આ આહીરો સૌરાષ્ટ્રમાં ઉતરી આવ્યાં એમ મનાય છે.

ગુજરાતીવાળા પત્ર સને ૧૯૯૩ નો અંક ચોથો માનાં પા. નં. ૧૦ પરના લેખમાં મનસુખરામ મણિશંકર આસી. ડે. ઈન્સ્પેકટર અમદાવાદમાં જણાવ્યા મુજબ ગુજરાતના પ્રાચીન ઈતિહાસની શરૂઆત ચાવડા વંશના જયશિખરથી થાય છે. એટલે કે ઈ.સ. ૨ થી ૬ થાય છે તે પહેલાનો ઈતિહાસ ચોક્કસ સ્વરૂપે મળતો નથી. પરંતુ આ અમલ દરમિયાન આહીરોની સત્તા અને વૈભવ ઘણાં સારા પ્રમાણમાં હશે. એમ મનાય છે. તેમજ જે આહીરો વધુ ધાર્મિક હતા તેઓ વાવ, કુવા, મંદિરો વગેરે બંધાવતા હતા ધન વગેરે જમીનમાં અને તે ઉપર નીશાની ખાતર તીરવા, ઢોલવા વગેરે શબ્દો કોતરતા વિશેષ હકીકત માટે તામ્રપત્રમાં લખી ઘરમાં રાખતા.

મહાભારત પછી ભારતીય ઈતિહાસની યોગ્ય નોંધોના અભાવે ભાટો તથા બારોટોની નોંધો દુહા, છંદો, સંત, સૂરા અને પ્રેમીઓની સાક્ષીઓ પુરતાં પાળીયાઓ તથા આહીરોએ બંધાવેલા મંદિરો, ધર્મશાળાઓ વાવો તળાવો વગેરે જોતા આ બહાદુર ખમીરવંતી પ્રજાનો ઈતિહાસ સમુદાય અને પ્રભાવશાળી હશે.તેમ લાગ્યા વગર હેતું નથી. આ પ્રજા ગૌ પૂજક છે. ગાયો ચરાવવી અને પશુ–પાલન એ તેમનો મુખ્ય વ્યવસાય હતો. ગાયોની ખાતર ભીડોરાનો મીઢોળ બધા હલા છૈયા એ પોતાનું બલીદાન આપ્યુ હતું. આવા અનેક શુરવીરોના પાળિયા ગામે ગામની ભાગોળે આજેય અડગ રીતે ઉભા છે. સતિ આણંલદે અને ધ્વરો, લખણસી અને ગોરાંદે, લાખો–લોયણ એ આજ કોમનાં મહાન પ્રેમીઓ હતા. આ કોમની આવી પરાક્રમી ગાથાઓ અંગે ઝવેરચંદ મેઘાણીની સૌરાષ્ટ્રની રસધારામાંથી અનેક વિગતો મળી આવેછે.

આહિર જ્ઞાતિના આસરા ધર્મ અંગેના અનેક દાખલા ઈતિહાસનાં પાને કંડારેલ જોવા મળે છે. તેઓ વિશ્વાસુ, શુરવીર, પરાક્રમી, નિર્ભય, વચન–પાલન માટે જાણીતી હોય છે. તેનાં આસરાના ધરમ પાલન માટે જાણીતો પ્રસંગ વીર દેવાયત બોદરને હાલમાં પણ લોકો યાદ કરે છે.

રાહગ્રહરિકનાં પૌત્ર ૨૧ દયાસે (ઈ.સ. ૧૦૦૩ થી ૧૦૧૦) પોતાનાં પૂર્વજોનું વેર અણહિલપુર પાટણનાં રાજા દુર્લભરાજ સોલંકી સાથે ચાલુ રાખતા ગિરનારની યાત્રાએ આવેલ પાટણની રાણીનો યાત્રાવેરો લેતા ક્રોધિત થયેલા પાટણ પતિએ વંથલી અને ઉપરોટ જૂનાગઢ ઉપર આક્રમણ કરતા રાં દયાસ યુદ્ધમાં માર્યો જતા તેના કુંવર 'રા નવઘણ' ને લઈ રાણીની દાસી બોડીદર (તા. કોડીનાર) ગામે આહીર દેવાયત બોદરનાં આસરે ગઈ હતી.

જ્ઞાતિ રત્ન દેવાયત બોદર જુનાગઢના રાજયના વારસદારને આશરો આપતા જુનાગઢમાં પાટઠણનાં રાજાએ નીમેલા સુબેદારને બાતમી મળતા દેવાયત બોદરે આશરાનો ધર્મ રાખી પોતાના પુત્ર ઉગાની આહુતી આપી જુનાગઢ નાં ચૂકાસ માં વંશના કુળ દિપકને બુઝતો બચાવ્યો હતો.

દેવાયત આહીરે જુનાગઢનો વારસદાર નવઘણ પંદર વર્ષનો થતાં પોતાની દીકરી જીસલનાં લગ્નનાં બહાને જુનાગઢમાં સમસ્ત આહરી સમાજ ભેગો કરી નવઘણના હાથે નગારે ઘા કરી આહીરોએ સોલંકી સેનાને હરાવી ચુડાસમાં વંશના રા નવગણ ને જુનાગઢના ગાદીએ બેસાડયો.

આમ ઈતિહાસમાં આહીર જ્ઞાતિ અંગે વિવિધ દંતકથાઓમાં પણ તેમના વચન–પાલન માટે જાણીતી છે.



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-72-apr-2019/RRJ000017